## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના સહ, એમણે બદસલકાઈના ભાગરૂપે મને ખાવાનું ન'તું આપ્યું એવું નથી પણ તેઓ પોતે પણ ભૂખે મરતા હતા...



ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા આયોજિત વિજય સંકલ્પ બાઈક રેલી બપોરે ૧ કલાકે સે-૧ ના તળાવ પાસેથી પ્રસ્થાન થઈ હતી પુર્વ મંત્રી ભરત બારોટ સહીત ભાજપના અગેવાનો તેમજ કાર્યકર્તાઓની હાજરીમા બાઈક રેલી આગળ વધી હતી. આ બાઈક રેલીમાં હાથમાં ભાજપના ઝંડા સાથે ૫૦૦ બાઈક સવારો રેલીમાં જોડાયા હતા. સવારે નવા સેકટરો તેમજ બપોરે સે-૨૨ માં વિરામ બાદ જુના સેકટરોમાં રેલી આગળ વધી હતી. શહીદો અમર રહો.. વંદે માતરમ .. ભારત માતા કી જયના જયઘોષથી સેકટરોમાં ગુજારો થયો હતો. આ દરમિયાન ભાજપના કાર્યકરોએ અબ કી બાર ફીર મોદી સરકારના સુત્રોચ્ચાર પણ કર્યા હતા. સાંજે વિજય સંકલ્પ રેલી સેકટરો ખુંદીને સંપન્ન થઈ હતી. જયારે ગાંધીનગર દક્ષિણમાં પણ વિજય સંકલ્પ બાઈક રેલી યોજવામાં આવી હતી. જિલ્લા પ્રભારી પૃથ્વીરાજ પટેલ, મહામંત્રી આઈ બી વાઘેલા સહીતના આગેવાનો બાઈક રેલીમાં જોડાયા હતા.

# ગાંધીનગર જિલ્લા પંચાયતના બજેટની સાથે સાથે...

**● ઉપપ્રમુખ ભરત પટેલની દરખાસ્તનો અસ્વીકાર કરાયો**

જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ઉપપ્રમુખ ભરત પટેલે સભ્યોના વિસ્તારમાં વિકાસકામો માટેની ગ્રાન્ટ ૩૦ને બદલે ૪૦ કરવા રજુઆત કરીહતી. કોંગ્રેસના સભ્યો પણ તેમની આ વાત સાથે સહમત થયા હતા પરંતુ કરકસરની નીતિનો અમલ કરવાનો હોવાથી ગ્રાન્ટમાં રૂ. ૧૦ લાખનો જ વધારો કરવાનો નિર્ણય કરાયો હતો અને ઉપપ્રમુખની દરખાસ્તનો અસ્વીકાર કરાયો હતો.

**● એલ.એન. પરમાર અને અરવિંદસિંહ બાખડી પડ્યા**

આજે સામાન્ય સભામાં અનુ.જાતિ અને અનુ.જનજાતિ વિસ્તારમાં વિકાસના કામો માટે વસ્તીના ધોરણે ગ્રાન્ટ ફાળવવાની ઉગ્ર રજુઆત કરી સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.એન. પરમારે કરી હતી. આના સમર્થનમાં તેમણે ગાંધીનગર મનપાના બજેટને પણ ટાંક્યુ હતુ.

ત્યારે કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે તમે અભ્યાસ કરો બધી જોગવાઈઓનો અમલ થયો છે પણ બન્ને સભ્યો એકબીજા સામે શાબ્દીક ટપાટપી પર ઉતરી આવ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે દરમ્યાનગીરી કરી જણાવ્યુ હતુ કે તેઓ નિયમોની જોગવાઈઓ પ્રમાણે ફાળવણી થઈ છે કે નહિ તે જોઈ લેશે અને રકમ ખુટતી હશે તો તે મંજૂર કરી જોગવાઈ કરાશે. આ પછી મામલો શાંત પડ્યો હતો.

**● સભ્યોના પ્રેરણા પ્રવાસ માટે રૂ. ૨૨ લાખની જોગવાઈ**

સભ્યોના પ્રેરણા પ્રવાસ માટે રૂ. ૨૨ લાખની જોગવાઈ કરવા માટે અધ્યક્ષસ્થાનેથી ખાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો જેનો સભ્યોએ સર્વાનુમતે સ્વીકાર કર્યો હતો.

**● સી.સી. રોડના કામો સ્વભંડોળમાંથી કરવા પરનો પ્રતિબંધ દૂર કરવા પ્રસ્તાવ**

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભાએ સ્વભંડોળના કામો જે સભ્યો દ્વારા સૂચવવામાં આવે છે તેમાં સી.સી. રોડના કામો સૂચવવા પર સરકારે મૂકેલા પ્રતિબંધનો વિરોધ કરતો પ્રસ્તાવ કર્યો છે.

તાલુકા પંચાયતોના સભ્યો સી.સી. રોડના કામો સૂચવી શકે પણ જિલ્લા પંચાયતના સભ્યો કેમ આ ન કરી શકે તેવી રજુઆત બેચરજી ઠાકોરે કરી હતી. સભ્યોએ આ બાબતમાં સરકારે ઝડપી પુનઃ વિચારણા કરવી જોઈએ તેવી પણ રજુઆત કરી હતી.

**● ડામર રોડના કામો માટે ક્રોસ ચેકિંગ કરાવો**

જિલ્લામાં ડામરના કામો જે થયા છે તેમાં મેટલ, કપચી અને ડામરની ગુણવત્તા અને કામોની ચકાસણી માટે અન્ય જિલ્લાના અધિકારીઓની ટીમ બોલાવી કરવી જોઈએ તેવો પ્રસ્તાવ પસાર કરાયો છે.

શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન ગીતાબેન પટેલે પંચાયતના સદસ્યોની ટીમ બનાવવી જોઈએ તેવો વિચાર રજુ કર્યો હતો. જોકે તટસ્થ તપાસ માટે અન્ય જિલ્લાની ટીમ એ યોગ્ય છે તેમ બેચરજી ઠાકોરે જણાવ્યુ હતુ. જો કે પ્રસ્તાવ સર્વાનુમતે પસાર કરાયો હતો.

**● ગાંધીનગરના આરોગ્યને લગત નવીન સાધન સામગ્રી ખરીદ કરવા**

ગાંધીનગર જિલ્લાના લોકોના આરોગ્યને લગત જુદા જુદા તપાસ રીપોર્ટ કર્યા બાદ જે તે દર્દીને સારવાર કરવામાં આવે છે. જે રીપોર્ટો બજારમાં કરવામાં આવે તો આશરે રૂ. ૫ થી ૭ હજારનો ખર્ચ થાય છે અને જુદી જુદી લેબોરેટરીમાં જવુ પડે છે. જેથી જિલ્લા પંચાયત ગાંધીનગરના આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સુવિધા મળે તે હેતુથી ગાંધીનગર જિલ્લાના દહેગામ, કલોલ, માણસા અને ગાંધીનગર તાલુકામાં લોકોને સંપૂર્ણ શારીરિક તપાસ રીપોર્ટની સુવિધા મળે તે હેતુથી નવીન સાધન સામગ્રી ખરીદવા તથા નિભાવણી માટે અંદાજી રૂ. ૩૦.૦૦ લાખનો ખર્ચ સદર બજેટમાં જોગવાઈ કરી નવીન સાધન સ્વ ભંડોળમાં ખરીદ કરી લોકોના ફાયદા માટે અને આરોગ્ય સેવાના સઘનીકરણ અંગેનો પ્રસ્તાવ પણ સર્વાનુમતે પસાર કરાયો હતો.

# સે-૧૬ સ્થિત ફુડકોર્ટની બાકી દુકાનો મનસ્વી રીતે ફાળવવા હીલચાલ સામે રોષ

**બાકીની દુકાનો ફાળવણીની અને જાળવણીના અભાવે વર્ષોથી કંગાળ હાલતમાં : નિયમ મુજબ પારદર્શક રીતે દુકાનો ફાળવવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં ખાણી પીણી બજારની સુવિધાને અપગ્રેડ કરવા માટે ઘ-૫ પાસે ફુડકોર્ટનુ નિર્માણ કરાયુ છે. જયારે આ ફુડકોર્ટની દુકાનોની ફાળવણીમાં પણ વિલંબ થતા હવે આ દુકાનો મનસ્વી રીતે ફાળવી દેવાનો કારસો રચાયો હોવાનુ પણ ચર્ચાસ્થાને છે. હરાજીના બદલે મરજીથી દુકાનો ફાળવવા માટે પણ ગતિવિધિઓ મંડરાતા પ્રબળ રોષ પણ પ્રવર્તી રહયો છે.

સે-૧૬ માં સ્થિત ફુડકોર્ટને અનુલક્ષી ૯૬ જેટલી દુકાનો તૈયાર કરવામાં આવી હતી. જયારે આ પૈકી ૩૯ દુકાનો ફાળવવામાં આવી છે. જયારે ૫૭ દુકાનો બંધ રહેતા જર્જરિત હાલતમાં છે. વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ફુડકોર્ટની દુકાનોની યાદી સંદર્ભે ભ્રષ્ટાચારના આક્ષેપો થતા દુકાનોની ફાળવણી પ્રક્રીયા પણ અટકી હતી. પરપ્રાંતિયોના મામલે વિરોધનો વંટોળ ઉઠતા સરકારી મિલ્કતની ફાળવણીના મામલે મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. નિયમોનુ ઉલ્લંઘન કરી ઉંચા ભાવે ભાડે આપી દેવામાં આવી હતી. આવા સંજોગોમાં ફાળવણી અને જાળવણીના અભાવ વચ્ચે લાંબા સમયથી બંધ રહેતા સરકારે અત્યાર સુધી ભાડાની આવક પણ ગુમાવી છે. ગત એપ્રિલ મહીનામાં નાયબ મુખ્યમંત્રીની બેઠકના અંતે બાકી રહેતી દુકાનો હરાજીથી ફાળવવા માટે પણ નિર્ણય લેવાયો હતો.આ મામલે પાટનગર યોજના ભવનને પણ જાણ કરવામાં આવી હતી. આમછતા ભુતકાળમાં ભ્રષ્ટાચારના આક્ષેપના પગલે રદ થયેલી અને નોટીફાઈડ કચેરીની યાદીમાંથી કમી કરાયેલા૪૨ જેટલા લાભાર્થીઓ સહીત અન્યોની સાથે સાંઠગાંઠ વ્યવ્હાર કરી સંબંધિત વિભાગ દ્વારા હરાજીના બદલે મરજીથી દુકાનો ફાળવવા માટે હિલચાલ થઈ રહી હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. આ દુકાનો ફાળવણી પ્રક્રીયામાં અસરગ્રસ્ત ખેડુતોને પણ સ્થાન મળે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે આ ફાળવણીની પ્રક્રીયા પારદર્શક અને નિયમ મુજબ થાય તે માટે પણ ઉચ્ચ કક્ષાએથી તપાસ કરવા માટે માંગ થઈ છે.

# નવા સચિવાલય સંકુલમાં નવી ૧૬ લીફટ મુકાશે

**નવા સચિવાલય સંકુલમાં લીફટ મુકવા પાછળ કરોડોનો ખર્ચ કરાશે : ઓર્બીસ કંપનીને લીફટ તૈયાર કરવા વર્ક ઓર્ડર અપાયો**

ગાંધીનગર તા ૨

નવા સચિવાલયમાં સાડા ત્રણ દાયકાના અંતે નવી લીફટો મુકાશે. નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં ૧૬ નવી લીફટ મુકવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે. ઓર્બીસ કંપનીની લીફટ મુકવા માટે તંત્ર દ્વારા કંપનીને ઓર્ડર પણ આપી દેવાયો છે. ટુંકમાં લીફટ તૈયાર કરાયા બાદ કામગીરી શરૂ કરી દેવાશે.

ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં રોજબરોજ હજારો મુલાકાતીઓ આવે છે. જયારે મુલાકાતીઓની અવરજવરથી સરકારી કચેરીઓમાં સતત ધમધમાટ પણ જોવા મળે છે. સરકારી કચેરીઓમાં આવતા મુલાકાતીઓને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓને પણ સમયાંતરે અપગ્રેડ કરવાની અનિવાર્યતા ને ધ્યાને લઈ તબક્કાવાર વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે. અગાઉ શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવન બિલ્ડીંગમાં લીફટો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવ હતી. જયારે નવા સચિવાલયમાં પણ સાડા ત્રણ દાયકાના અંતે લીફટ બદલવા માટેની કામગીરી હાથ ધરાશે. નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં અંદાજિત ૩૫ વર્ષ અગાઉ લીફટ મુકવામાં આવી હતી. જયારા વર્ષોના અંતે હવે આ લીફટો વારંવાર ખોટવાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે .જયારે લીફટની ગતિમાં પણ સુધાર લાવવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જેને અનુલક્ષી નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં નવી લીફટ નાંખવા માટે તંત્ર દ્વારા આયોજન કરી દેવાયુ છે. જયારે આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જેના અંતે ઓર્બીસ કંપનીને લીફટ તૈયાર કરવા માટે વર્ક ઓર્ડર આપી દેવાયો છે. નવા સચિવાલય સંકુલમાં કુલ ૧૬ લીફટ નવી મુકવામાં આવશે. જયારે લીફટ તૈયાર થયા બાદ આ કામગીરી શરૂ કરી દેવાશે નવા સચિવાલય સંકુલમાં લીફટ મુકવા માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. નવી લીફટની કામગીરી પર્ણ થયા બાદ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને પણ અવરજવર કરવામાં વધુ સરળતા રહેશે.

# ગાંધીનગર તાલુકા સદસ્યની મજુરોએ ધોલાઈ કરી

**ઓળખકાર્ડ વગર અહીં કેમ રહો છો તેવો સવાલ કરતા તાલુકા સદસ્ય પર હુમલો : પોલીસ ફરીયાદ**

ગાંધીનગર, તા.૨

રાંધેજાની સીમમાં આવેલા ઈંટના ભઠ્ઠા પર કામ કરતા મજુરોને આધારકાર્ડ કે રેશનીંગ કાર્ડ વગર કેમ રહો છો તેમ કહેતા ગાંધીનગરના રાંધેજા બેઠકના તાલુકા સદસ્યને ભઠ્ઠા પર કામ કરતા મજુરોએ ઢોરમાર માર્યો હતો. આ મારામારીની ઘટનામાં તાલુકા સદસ્યે ગળામાં પહેરેલા સોનાની બે ચેઈન તેમજ સેમસંગ કંપનીનો મોબાઈલ પડી ગયો હતો. સમગ્ર ઘટના સંદર્ભે તાલુકા સદસ્યે પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદ આપતા પોલીસે હુમલાખોર મજુરો સામે ગુનોં દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૭ શિવશકિત સોસાયટી ખાતે રહેતા અને મુળ રાંધેજાના વતની નંદુભાઈ રમણભાઈ પટેલ ગઈકાલે મોડી સાંજે પોતાની ગાડી લઈને રાંધેજા સીમમાં આવેલી તેમની ખેતીની જમીન તરફ જઈ રહ્યા હતા. ગામમાં જ રહેતા રમેશભાઈ પ્રજાપતિના ઈંટોના ભઠ્ઠા પર કેટલાક મજુરો પણ રહેતા હોવાથી નંદુભાઈએ ગાડી ઉભી રાખીને મજુરોને કહ્યું હતું કે તને કોઈપણ જાતના ઓળખકાર્ડ વગર અહીં કેમ રહો છો. અત્યારે દેશનું વાતાવરણ ખરાબ ચાલે છે અને આતંકવાદ ચાલે છે તેમ કહેતા મજુરો ઉશ્કેરાઈ ગયા હતા અને તમે પુછવાવાળા કોણ તેમ કહીને ચારેક મજુરો પૈકી એક મજુરે લાકડી માથે ફટકારી દીધી હતી. નંદુભાઈ લોહી લુહાણ થઈગયા હતા એટલામાં ભરતભાઈ પ્રજાપતિ ત્યાં આવી ગયા હતા તેમણે બંન્ને છોડાવ્યા હતા. એક તરફ લોહીલુહાણ હાલતમાં નંદુભાઈને ગાંધીનગર સિવિલ સારવારઅર્થે લઈ જવાયા હતા તો બીજીતરફ પોલીસને પણ સ્થળ પર બોલાવી લેવાઈ હતી. હાલ નંદુભાઈ શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. તેમણે આપેલી ફરીયાદ મુજબ આ મારામારી વખતે તેમનો એક મોબાઈલ અને ગળામાં પહેરેલા બે દોરા પણ કયાંક પડી ગયા હતા. નંદુભાઈની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

## છેલ્લે.. છેલ્લે..

● જમાલપુર કોંગ્રેસના ધારાસભ્ય અને કોર્પોરેટર ઈમરાન ખેડાવાલાએ પોતાની સાથે ઝપાઝપી થઈ હોવાની ફરિયાદ ગાયકવાડ પોલીસમથકે નોંધાવી છે. ફારૂક નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવાઈ છે.

● વિસનગરની સાંકળચંદ યુનિવર્સિટીએ સ્થાપનાના ત્રણ વર્ષમાં જ શ્રેષ્ઠ કામગીરી દ્વારા રાજ્યની ટોપ-૨૦ કોલેજોમાં સ્થાન મેળવ્યુ છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે એવોર્ડ અપાયો છે.

● વડોદરા શહેરમાં પીવાના પાણીના પ્રશ્નને હળવો બનાવવા આજવા સરોવરમાં નર્મદા ચેનલ દ્વારા પાણી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

● વલસાડ જિલ્લાના કપરાડાના મોટાપોંઢા ગામના સિગાડ ફળિયામાં દીપડો ઝડપાયો છે. વનવિભાગે ગોઠવેલી જાળમાં દીપડો ફસાયો હતો.

● સુરતના પુણા ગામ વિસ્તારમાં વાહન ચેકીંગ દરમ્યાન ડુપ્લિકેટ નોટ ઝડપી લેવાઈ છે. વાહન પેટ્રોલીંગ દરમ્યાન ૪૦ હજારના દરની નોટો ઝડપાઈ હતી.

● સુરતના ટેક્સટાઈલના વેપારીએ વિંગ કમાન્ડર અભિનંદનના ચહેરાવાળી તસવીર સાથેની એક સાડી બનાવી છે. દેશના હીરોને સાડી બનાવી સન્માન અપાયુ છે.

● વિજ્ઞાન જાથા સંસ્થાના જયંતિ પંડ્યા સામે ઉચાપતનો કેસ નોંધાયો હતો. આ કેસમાં કોર્ટે તેઓને ૭ વર્ષની સજા અને ૧૭ હજારનો દંડ ફટકાર્યો છે.



વહેલી સવારે ફલાઈંગ સ્કવોડે માણસા તાલુકાના અનોડીયા ગામની સાબરમતિ નદીના પટમાં સપાટો બોલાવ્યો હતો. જેમાં ફલાઈંગ સ્કવોડના અધિકારીઓએ ૧૬ ડમ્પર, ૨ હીટાચી મશીન અને એક લોડર મશીન જપ્ત કરી લીધુ હતુ. ખાણ ખનીજ વિભાગના અચાનક દરોડાથી રેતી માફિયામાં હડકંપ મચી જવા પામ્યો હતો. જયારે તંત્રની રેઈડથી અચાનક સાબરમતિ નદીમાં રેતી માફિયાઓમાં ભાગદોડ મચી જવા પામી હતી.

# મોટી આદરજમાંથી વરલી મટકુ રમતા બે ઈસમો ઝડપાયા

ગાંધીનગર, તા.૨

મોટી આદરજ ગામેથી ગતરોજ બપોરના સુમારે વરલી મટકુ રમી રહેલા બે શખ્સોને પેથાપુર પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે બે ઈસમો પાસેથી વરલીના આંક લખેલ કાગળ અને રોકડ રૂ. ૪૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મોટી આદરજ ગામે પેથાપુર પોલીસ મથકના જવાન અ.પો.કો. માધવસિંહ મહેન્દ્રસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન તેઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે મોટી આદરજ ગામની ભાગોળે પાન બીડીના ગલ્લાઓની પાળ પાણીની ટાંકી પાસે બળદેવજી બેચરજી ઠાકોર વરલી મટકાનો જુગાર રમાડે છે. બાતમી વાળા સ્થાને પોલીસે રેઈડ કરતા એક શખ્સ બેઠો હતો અને બીજો શખ્સ કંઈક લખાવતો હતો. બંન્ને ઈસમોને પોલીસે કોર્ડન કરીને પકડી પાડ્યા હતા અને નામ પુછતા બળદેવજી બેચરજી ઠાકોર, મોટી આદરજ ગામ વડલીવાળુ પરૂ, જણાવ્યું હતું અને અંગજડતી કરતા વરલી મટકાના આંક લખેલ કાગળ અને બોલપેન અને ખીસ્સામાંથી રૂ.૨૬૦ મળી આવ્યા હતા. જયારે બીજા શખ્સે પોતાનુ નામ ભરતજી ભલાજી ઠાકોર વડલીવાળુ ફળીયું મોટી આદરજ ગામ જણાવ્યું હતું. જયારે ભરતજીની અંગજડતીમાં રૂ.૨૦૦ મળી આવ્યા હતા.પેથાપુર પોલીસે કુલ રૂ.૪૬૦ ના મુદ્દામાલ સાથે બે શખ્સોની જુગારધારા હેઠળ ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચિલોડા બ્રહ્માકુમારીઝ જગદંબા ભવનમાં મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી કરાશે

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય જગદંબાભવન દ્વારા મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે. જેમાં મહાશિવરાત્રીના પાવન પર્વે ૭ ફૂટના બરફના અમરનાથના દર્શન અને સર્વે આત્માઓના પિતાની ચૈતન્ય ઝાંખી સવારે ૬ થી રાત્રે ૧૦ કલાક સુધી આત્મખોજ પ્રદર્શન, પ્રોજેક્ટ શૉ, રાજયોગ દ્વારા ખુશનુમા દિવ્યજીવન શિબિર તા. ૫-૬-૭ માર્ચ-૨૦૧૯ સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ તથા રાત્રે ૮ થી ૯ કલાકે શિબિરનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# ચિલોડા ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા વિજય સંકલ્પ બાઈક રેલી યોજાઈ

ચિલોડા, તા. ૨

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક પ્રમુખ ઈલાઈટથી ભારતીય જનતા યુવા મોરચો, ગાંધીનગર તાલુકો ગાંધીનગર દક્ષિણ વિધાનસભા દ્વારા લોકસભા ચૂંટણી ૨૦૧૯ના વિજય સંકલ્પ સાથે ભવ્ય બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં બાઈકરેલી ચિલોડા પ્રમુખ ઈલાઈટથી પ્રસ્થાન કરી ચિલોડા, શિહોલીમોટી, દશેલા, ધણપ અને મહુન્દ્રા પસાર થઈ હાથમાં ફલેગ અને ખેસ ધારણ કરી ભાજપના વિધાનસભાના તમામ કાર્યકર્તાઓ, જિલ્લા પ્રભારી પૃથ્વીરાજભાઈ, જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, નાથુભાઈ ચૌધરી તથા યુવા મોરચાના તમામ કાર્યકરોએ બાઈકસવાર સાથે ભવ્ય રેલી કાઢી હતી.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા. મ. વિભાગ મોડાસા, જાહેર નિવિદા નં. ૧૭/૨૦૧૮-૧૯**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા. મ. વિભાગ મોડાસા (ફો.નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા જુદી જુદી યોજનાઓના કામ જેની અંદાજિત કિંમત ૭.૧૧ થી ૨૯૧.૬૭ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સિસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૫-૩-૨૦૧૯ થી ૧૫-૩-૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહીતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

**માહિતી/હિંમત/૬૫૫/૧૯**

# ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી મહામંડળના પ્રમુખની તબિયત લથડી



મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પડતર પ્રશ્નો મુદ્દે છેલ્લા ૧૨ દિવસથી દહેગામ ખાતે મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળના પ્રમુખ અને હોદેદારો આમરણાંત ઉપવાસ આંદોલન કરી રહ્યા છે.ત્યારે દહેગામ ખાતે આજે મહારેલીનું આયોજન કરાયું હતું.જેમાં મંડળના પ્રમુખ ચંદનસિંહ પણ જોડાયા હતા.રેલી માર્ગ પર આગળ વધી રહી હતી, તે દરમિયાન અચાનક ચંદનસિંહને ચક્કર આવતા જમીન નીચે પડી ગયા હતા.જેને પગલે સ્થળ પર હોહા મચી જવા પામી હતી. તેઓને તાત્કાલીક ૧૦૮ મારફતે દવાખાને લઈ જવાયા હતા જયા જરુરી સારવાર આપવામાં આવી હતી.

# મહાશિવરાત્રી નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

ગોદડીયા પરંપરાના પૂજય પ્રાગદાસ બાપાની રામવાડી, જુનાગઢ દ્વારા તા. ૧ માર્ચથી ૪ માર્ચ સુધી મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી એન.પી. પટેલ દ્વારા મહોત્સવમાં દરેકને સહકુટુંબ પધારવા જણાવાયું છે.

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.૧૨ / ૨૦૧૮-૧૯**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪-૭૫) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૪ (ચાર) કામના ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨૪૫૯૮.૦૦ થી રૂ. ૯૯૨૬૬.૦૦ની છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો અને આવા કામનો અનુભવ ધરાવતા ઠેકેદારો પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ : ૭/૩/૨૦૧૯ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તારીખ : ૧૨/૩/૨૦૧૯ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. જો સરકારશ્રી દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની ગણત્રીમાં લેવામાં આવશે.

માહિતી/૩૧૯૦/૧૮-૧૯